**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

**વેબસાઇટ : www.rbi.org.in**

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 08 ફેબ્રુઆરી 2017

**ભારતમાં બેન્કિંગ કારોબાર ચલાવવા માટે ના લાયસન્સ નું રદ્દીકરણ અને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ ,1949 (એએસીએસ) ની કલમ 22 અને 36(A) (2) હેઠળ અર્બન કો-ઓપરેટીવ બેંક નું સહકારી મંડળી માં રૂપાંતર- ધી સ્ટેટ ટ્રાન્સપોર્ટ એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, અમદાવાદ (ગુજરાત)**

જાહેર જનતા ની જાણ માટે સૂચિત કરવામાં આવે છે કે ભારતીય રિઝર્વ બેન્કે, તેના તારીખ 13 જાન્યુઆરી 2017 ના આદેશ દ્વારા ધી સ્ટેટ ટ્રાન્સપોર્ટ એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, અમદાવાદ (ગુજરાત) નું લાયસન્સ રદ કરેલ છે. તદ અનુસાર, બેંક, બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 56 સાથે વંચાણ માં લેતાં કલમ 5(cci) માં વ્યાખ્યાયિત થયા મુજબ " કો-ઓપરેટીવ બેંક" તરીકે બંધ થયેલ છે અને તે કો-ઓપરેટીવ બેંક ને લાગુ પડતી ઉપરોક્ત એક્ટ ની તમામ જોગવાઈઓ તેને લાગુ પડશે નહી. બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (સહકારી મંડળીઓ ને લાગુ પડતા) ની કલમ 56 સાથે વંચાણ માં લેતાં બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (સહકારી મંડળીઓ ને લાગુ પડતા) ની કલમ 22 અન્વયે બેંક પર ભારત માં બેન્કિંગ કારોબાર કરવા માટે પ્રતિબંધ લગાવવામાં આવેલ છે. તેથી, બેંક ને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (સહકારી મંડળીઓ ને લાગુ પડતા) ની કલમ 5(b) માં વ્યાખ્યાયિત થયા મુજબ ડીપોઝીટ ના સ્વીકાર/રીપેમેન્ટ સહિત "બેન્કિંગ" કારોબાર કરવા માટે પ્રતિબાધિત કરવા માં આવેલ છે.

અજીત પ્રસાદ

સહાયક સલાહકાર

પ્રેસ પ્રકાશન: 2016-2017/2134